**સુવિચાર**

જીવનમાં બે સરળ સૂત્ર છે સંપૂર્ણ સમજ્યા વગર કોઇ ચર્ચા ન કરશો અને ગેરસમજમાં કોઇ સાથે સંબંધ પૂર્ણ નાં કરશો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





કુવાડવા રોડ પર ક્રિષ્ના વોટર પાર્ક સામે રૂ.૫૬.૪૩નો વિદેશી દારૂ ભરેલો ટ્રક પકડાયો P-4

Year-16, Issue-71 ■ DATE : 30-06-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રહેણાંક મકાનોમાં ટ્રાન્સફરની ભરવાપાત્ર ડ્યુટીમાં ૮૦%નો ઘટાડો

## શેર સર્ટિફિકેટ છે, પણ દસ્તાવેજ નથી એ લોકો માટે ભુપેન્દ્રભાઇ પટેલ સરકારનો મહત્વનો નિર્ણયઃ નાના અને મધ્યમવર્ગના લોકોને થશે ફાયદો





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો મહત્વપૂર્ણ મહેસૂલી નિર્ણય સામે આવ્યો છે. જેમાં નાના અને મધ્યમ વર્ગીય લોકોના વ્યાપક હિતમાં નિર્ણય લેવાયો છે. તેમાં રહેણાંક મકાનોમાં ટ્રાન્સફર માટેની ડ્યૂટીમાં જનતાને મોટો લાભ થશે. તબદીલીપટ્રાન્સફર માટે ભરવા પાત્ર ડ્યૂટીની ૮૦ ટકા સુધી રકમ માફ કરાશે. તથા અલોટમેન્ટ લેટરપ્રશેર સર્ટીફિકેટથી કરાયેલા ટ્રાન્સફર પર ૮૦ ટકા ડ્યૂટી માફ થશે. જનતાની રજૂઆત પ્રત્યે દપ ભૂપેન્દ્રભાઇનો સંવેદનશીલ સકારાત્મક અભિગમ છે. ૮૦ ટકા સુધી ડ્યુટી રકમ માફ કરીને માત્ર ૨૦ ટકા જેટલી ડ્યુટી વસૂલ કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના નાના અને મધ્યમ વર્ગીય લોકોના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ મહેસુલી નિર્ણય છે. જેમાં સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા અલોટમેન્ટ લેટર - શેર સેર્ટિફિકેટથી કરવામાં આવેલી તબદીલી - ટ્રાન્સફર્સ માટે ભરવા પાત્ર ડ્યુટીની ૮૦ ટકા સુધીની ડ્યુટી રકમ માફ કરાશે. પ્રજાજનો - જન પ્રતિનિધિઓની રજૂઆતો પ્રત્યે મુખ્યમંત્રીનો સંવેદનશીલ સકારાત્મક અભિગમ છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નાના અને મધ્યમ વર્ગીય પરિવારો - લોકોને આવાસ તબદીલીઓ માટે ભરવા પાત્ર ડ્યુટીની રકમમાં મોટી છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ કરેલા આ મહત્વપૂર્ણ મહેસુલી નિર્ણય અનુસાર સોસાયટી, એસોસીએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટથી કરવામાં આવેલી તબદીલી ટ્રાન્સફર માટે ભરપાઈ કરવા પાત્ર સો ટકા ડ્યુટીની રકમ પૈકી ૮૦ ટકા સુધી ડ્યુટી રકમ માફ કરીને માત્ર ૨૦ ટકા જેટલી ડ્યુટી વસૂલ કરવામાં આવશે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ અધિનિયમમાં કરેલી જોગવાઈઓના કારણે મધ્યમ વર્ગના લોકો ઉપર આવા તબદીલીના કિસ્સાઓમાં જે નાણાંકીય બોજ આવતો હતો તે સમગ્ર વિષયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા નાના મધ્યમ વર્ગીય લોકોની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવીને હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

આમ રાજ્ય સરકારે મૂળ ભરપાઈ કરવાની થતી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ઘટાડો કરવાથી ડ્યુટી ઉપરાંત દંડની ગણતરી થતા સુધારેલી જોગવાઈ અગાઉની મિલકત સંબંધે જેટલી ડ્યુટીની રકમ ભરપાઇ કરવાની થતી હતી તેટલી જ રકમ ભરપાઈ કરવાની થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ સકારાત્મક અને નાગરિક હિત કેન્દ્રી અભિગમથી આવા તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે આ નિર્ણયના અનુસંધાને જારી કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્રને માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે.

# તેલંગાણાની કેમિકલ ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટઃ ૧૦ શ્રમિકના મોતની આશંકા






**મુખ્ય સમાચાર, સંગારેડ્ડી**

તેલંગાણાના સંગારેડ્ડીમાં એક કેમિકલ ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયો છે. ફાર્મા કંપનીમાં લાગેલી આગ એટલી ભયંકર હતી કે ઘણા લોકો તેમાં ફસાઈ ગયા. આ અકસ્માતમાં ૧૦ શ્રમિકના મોતની આશંકા છે તેમજ અંદાજે ૧૫-૨૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. હજુ પણ ઘણા લોકો ફેક્ટરીમાં ફસાયેલા છે, જેથી મૃતકોની સંખ્યા વધી શકે તેવો પણ અંદાજ છે.

તેલંગાણાના સંગારેડ્ડીમાં પાટન ચેરુ મંડળના સિગાચી ફાર્મા કંપનીમાં રિએક્ટરમાં સવારે ૭ વાગ્યે વિસ્ફોટ થયો. વિસ્ફોટ થયા બાદ આગે વિકારળ સ્વરૂપ ધારણ કરી લીધું. જેમાં અકસ્માતના સમાચાર મળતા જ ૧૧ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સ્થળ પરથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. જો કે હજુ સુધી વિસ્ફોટનું કારણ બહાર આવ્યું નથી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે રિએક્ટરમાં ટેકિન્કલ ખામીના કારણે વિસ્ફોટ થયો હશે.

ઘાયલ કામદારોમાંથી ઘણા ગંભીર રીતે દાઝી ગયા છે અને તેમની હાલત ગંભીર છે. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. કામગીરી ચાલુ હોવાથી કુલ મૃતકોની સંખ્યાની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

# ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રીઃ જૂન માસમાં જ સીઝનનો ૩૨% વરસાદ નોંધાયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ છે. અત્યાર સુધીમાં ૧૧ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૩૧.૬૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં જૂનમાં નોંધાયેલો આ સૌથી વધુ વરસાદ છે. ચોમાસાની વર્તમાન સિઝનમાં રિજિયન પ્રમાણે જોવામાં આવે તો કચ્છમાં ૫.૫૦ ઈંચ સાથે ૨૮.૮૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬.૬૫ ઈંચ સાથે ૨૩.૫૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૦.૫૬ ઈંચ સાથે ૩૩.૩૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૯.૫૧ ઈંચ સાથે ૩૨.૩૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૨૦.૦૯ ઈંચ સાથે ૩૪.૨૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

હાલ ૪૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો હોય તેવો માત્ર ૧ તાલુકો છે.



આ સિવાય ૨૬ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૮૯ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ, ૪૧ તાલુકામાં ૫થી ૧૦ ઈંચ અને ૫ તાલુકામાં ૧થી ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં ૨૯મી જૂન સુધી સરેરાશ ૨.૮૦ ઈંચ સાથે ૮.૦૫ ટકા વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં ચોમાસાએ ધમાકેદાર શરૂઆત કરતાં ૨૦૬ જળાશયોમાં સરેરાશ જળસ્તર વધીને ૪૬.૨૧ ટકા થઈ ગયું છે. હાલ રાજ્યના ૧૩ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જ્યારે કુલ ૧૮ જળાશયો હાઈએલર્ટ પર છે. વર્ષ ૨૦૨૪માં ૨૮ જૂનના ગુજરાતના જળાશયોમાં સરેરાશ જળસ્તર માત્ર ૩૮.૨૪ ટકા હતું. બીજી તરફ અમદાવાદમાં વરસાદે ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, સોમવારે (૩૦મી જૂન) અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે આગામી ૧-૨ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, સુરત, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

# રિઝર્વ બેન્ક પાસે ૧૨.૫ કિલો વજનની સોનાની ઈંટ

### રિઝર્વ બેન્કના ગોલ્ડ વોલ્ટ વિશે પ્રથમવાર ડોકયુમેન્ટરી જાહેર કરી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય માણસ મોટાભાગે સોનાના સિકસ અથવા બિસ્કીટ વિશે જ ઓળખ ધરાવતો હશે પરંતુ રિઝર્વ બેન્ક ૧૨.૫ કિલોની ઈંટ તરીકે સોનું સાચવે છે તે વિશે ભાગ્યે જ કોઈ માહીતી બહાર આવી હશે. હવે ખુદ રિઝર્વ બેન્કે પ્રથમ વખત સમગ્ર વિગતો સાથેની ડોકયુમેન્ટરી જાહેર કરી છે.

ભારતીય રીઝર્વ બેન્ક સોનાના મહત્વને સમજે છે અને એટલે જ ૧૯૯૨ ના આર્થિક સંકટ બાદ સોનાના ભંડારમાં સતત વધારો કરી રહી છે. હાલ રિઝર્વ બેન્ક પાસે સોનાનો સ્ટોક ૮૭૦ ટન છે.૧૨.૫ કિલો વજનની એક એવી સોનાની ઈંટ મારફત આ સોનું સાચવે છે.

રિઝર્વ બેન્કે જારી કરેલી ડોકયુમેન્ટરીમાં બેંકની કામકાજ- પ્રવૃતિની માહીતી પણ દર્શાવી છે. જે અંતર્ગત દુનિયામાં સૌથી વધુ કરન્સી નોટો છાપતા દેશોમાંથી ભારત એક હોવાનું જાહેર કર્યુ છે. ડોકયુમેન્ટરીમાં પ્રથમ વખત રિઝર્વ બેન્કનાં તિજોરીને દર્શાવવામાં આવી છે.

માહિતી પ્રમાણે રિઝર્વ બેન્ક દ્વારા ૮૭૦ ટન સોનાનો સ્ટોક સૌથી સુરક્ષીત સ્થળોએ રાખવામાં આવ્યો છે. ગોલ્ડ વોલ્ટ સુધી બહુ ઓછા લોકો જઈ શકે છે. બેંક અધિકારીનાં કહેવા પ્રમાણે સોનું માત્ર મેટલ નથી પરંતુ દેશની તાકાત છે. અર્થ વ્યવસ્થામાં જુદા જુદા કારણોથી ઉતારચઢાવ શકય છે. પરંતુ સોનાના મુલ્ય અકબંધ રહે છે.

રિઝર્વ બેન્કના અધિકારીએ કહ્યું કે કરન્સી નોટનો કાગળ વેસ્ટ કોટનમાંથી બને છે. ટેકસલાઈન મીલોનો તો નકામો કચરો હોય છે. કરન્સી નોટમાં ૪૦ થી વધુ સુરક્ષા ફીચરો હોય છે. જેમાં થ્રેડ (દોરો) લૈટેંટ ઈમેજ વગેરે વિશે લોકો વાકેફ હોય છે. પરંતુ અન્ય અનેક સુરક્ષા ફીચર્સ માત્ર ખાસ ઉપકરણથી જ જોઈ શકાતા હોય છે.

# અમદાવાદથી સોમનાથનો પ્રવાસ ફકત ૪ કલાકમાં પૂર્ણ થશે

### નમોશકિત એકસપ્રેસ-વે બનાવવા કવાયત આરંભાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના વિકાસમાં હવે સૌરાષ્ટ્રને સૌથી વધુ મહત્વ આપવા તૈયારી છે ખાસ કરીને રાજયના પાટનગર સમાન અમદાવાદ અને સૌરાષ્ટ્રની રેલ તથા રોડ કનેકટીવીટી વધારવા માટે આગામી સમયમાં મોટુ આયોજન છે અને ખાસ કરીને ૨૦૨૭ની ચૂંટણી પૂર્વે સૌરાષ્ટ્રને હવે યુપી અને મહારાષ્ટ્ર સ્ટાઈલના એકસપ્રેસ વે ની ભેટ મળશે.

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં અમદાવાદથી સોમનાથ સુધીનો એકસપ્રેસ વે બનાવવા તૈયારી છે અને તેની સાથે સોમનાથ દ્વારકાનું પણ હાલનો ધોરી માર્ગ એકસપ્રેસ વે બનશે જેના કારણે અમદાવાદથી સોમનાથનો પ્રવાસ ફકત ચાર



કલાકમાં થઈ જશે એટલું જ નહીં સોમનાથ દ્વારકાનો પ્રવાસનો સમય પણ ૩૦ ટકા જેટલો ઘટશે અને ઈંધણ સહિતના ખર્ચમાં અંદાજે રૂા.૧ લાખ કરોડની બચત થશે.

જયારે રાજયની ૪૫ ટકા જનતાને તેનો લાભ મળશે. રાજયની ભૂપેન્દ્ર પટેલ સરકારે આગામી સમયમાં ગુજરાતમાં પણ ઈન્ટર કનેકટીવીટીમાં એકસપ્રેસ વેની તૈયારી કરી છે. અને ૧૧૧૦ કિલોમીટરના માર્ગો જે ૧૩ જીલ્લાઓને જોડે છે તેને પૂર્વ-પશ્ચિમ અને ઉતર-દક્ષિણ કોરીડોર હેઠળ આવરી લેવાશે જેને નમો શકિત એકસપ્રેસ વે તરીકે ઓળખાશે.

આ સમગ્ર પ્રોજેકટ પાછળ રૂા.૯૩૨૪૦ કરોડનો ખર્ચે કરવા રાજય સરકારે નિર્ણય લીધો છે અને ટુંક સમયમાં તે અંગેની ટેન્ડર સહિતની પ્રક્રિયા હાથ ધરાશે. આ ઉપરાંત રાજયોમાં નમો શકિત એકસપ્રેસ વેમાં મેગા પ્રોજેકટ સામેલ કરાયા છે.

જેમાં ડીસાથી સુરેન્દ્રનગર ૨૨૦ કી.મી.નો માર્ગ રૂા.૧૮૪૮૦ કરોડ, સુરેન્દ્રનગરથી કુંકાવાવ ૨૧૧ કિ.મી. રૂા.૧૭૭૨૪ કરોડ, રાજકોટથી દ્વારકા ૨૦૯ કિ.મી. રૂા.૧૫૫૫૬ કરોડ, રાજકોટથી પોરબંદર ૧૯૦ કિ.મી. રૂા.૧૫૯૬૦ કરોડ, અમદાવાદથી રાજકોટ ૧૭૦ કી.મી. રૂા.૧૪૨૮૦ કરોડ, જેતપુરથી સોમનાથ ૧૧૦ કી.મી. રૂા.૯૨૪૦ કરોડનો ખર્ચ કરાશે.

આ માટે ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનને જવાબદારી સોંપવામાં આવી છે અને આ માટે બ્લુપ્રીન્ટ તૈયાર કરવા આદેશ અપાયો છે અને અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાને આવરી લેવાશે. આ ઉપરાંત ગુજરાતના મુખ્ય બંદરો વચ્ચેની કનેકટીવી પણ વધારાશે જેના કારણે નિકાસ પ્રક્રિયા પણ ઝડપી બનશે.

આ નવી કોરીડોર અંબાજી, ધરોઈ, પોલો ફોરેસ્ટ, મોઢેરા, બહુચરાજી, દ્વારકા, પોરબંદર, સોમનાથના ધાર્મિક સ્થળો ઉપરાંત રાજકોટ શાપર ઈન્ડ. એરીયા સહિતના વિસ્તારોને આવરી લેશે.

# મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં પ્રદેશ પ્રમુખ નિમાયા બાદ જ રાષ્ટ્રીય પ્રમુખ નિમાશેઃ સંઘનો સ્પષ્ટ સંદેશ



**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

લાંબા સમયથી ભાજપમાં વિલંબમાં પડેલી નવા રાષ્ટ્રીય પ્રમુખથી લઈને ગુજરાત સહિતના રાજયોમાં પ્રદેશ પ્રમુખોની નિયુકિતમાં વિલંબનું કારણ હવે બહાર આવી ગયું છે અને ખાસ કરીને જયાં સુધી દેશના સૌથી મોટા રાજય ઉતરપ્રદેશમાં જયાં સુધી પ્રદેશ પ્રમુખની નિયુકિત ન થાય ત્યાં સુધી રાષ્ટ્રીય પ્રમુખની નિયુકિત નહીં થાય તેવા સ્પષ્ટ છે.

આ અંગે આરએસએસના સુત્રોએ આપેલ માહિતી મુજબ દેશના મોટા રાજયો કયાં જયાં લોકસભામાં જેતે રાજયનું પ્રતિનિધિત્વ વધુ છે તે રાજયમાં પ્રદેશ પ્રમુખોની નિયુકિત વગર સીધા રાષ્ટ્રીય પ્રમખની નિયુકત એ ખોટો સંદેશ જશે. ભાજપને જુલાઈ અંત સુધીમાં નવા રાષ્ટ્રીય પ્રમુખ નિયુકત કરવા માટે જે ડેડલાઈન આપી છે તેમાં અત્યાર સુધીમાં ૩૭માંથી ૧૪ રાજયોના પ્રદેશ પ્રમુખ નિયુકત થઈ ગયા છે.

પરંતુ ભાજપના બંધારણ મુજબ ૧૯ રાજયોમાં પ્રદેશ પ્રમુખ નિયુકત થવા જરૂરી છે તો જ તેના આધારે રાષ્ટ્રીય પ્રમુખની નિયુકિત થઈ શકશે. આ સાથે રાષ્ટ્રીય પ્રમુખ ઉપરાંત રાષ્ટ્રીય પ્રતિનિધિ એટલે કે જેઓને રાષ્ટ્રીય પ્રમુખ નિમવાનો અધિકાર છે તે જરૂરી છે અને તેથી ભાજપને સંઘે બે મહત્વના રાજયો મહારાષ્ટ્ર અને ઉતરપ્રદેશમાં નવું સંગઠન રચાઈ જાય તે જરૂરી ગણાવ્યું છે.

શનિવારે જ ભાજપે મહારાષ્ટ્ર સહિત ત્રણ રાજયોમાં પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે નિરીક્ષકોને એટલે કે ચૂંટણી અધિકારીની નિયુકિત કરી દીધી છે. ઉતરપ્રદેશ કે જયાં ૮૦ લોકસભા બેઠકો છે ત્યાં પણ વિલંબમાં પડેલા પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી પૂરી થાય તે જરૂરી ગણાવી છે.

ભાજપના એક વરીષ્ઠ નેતાએ સ્વીકાર્યું કે રાજકીય રીતે આ બન્ને રાજયો મહત્વના છે ઉતરપ્રદેશમાં તો ૨૦૨૭માં જ ધારાસભા ચૂંટણી યોજાવાની છે અને લોકસભાના પરિણામો ભાજપ માટે ચિંતાજનક છે જો તેમાં પ્રદેશ પ્રમુખની નિયુકિત ન થાય તો રાજયમાં જુથવાદ છે તે નિશ્ચિત થઈ જશે અને તે ખોટો સંદેશો આપશે.

એટલું જ નહીં યુપીમાં જુથવાદ એ અન્ય રાજયોમાં પણ ચેપ લગાડી શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ ઉપરપ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ વિરૂધ્ધ કેશવપ્રસાદ મૌર્યનો કેમ્પ છે.

તો હાલ જમ્મુ કાશ્મીરના રાજયપાલ મનોજસિન્હા હવે રાજયના રાજકારણમાં આવવા આતુર છે અને તેથી જ યુપીનું કોંકડુ ગુચવાયું છે સુત્રોના જણાવ્યા મુજબ ઉતરપ્રદેશમાં જૂથવાદને છેક દિલ્હીનું છત્ર છે અને તેથી જ મામલો વધુ ગુંચવાયો છે અને ત્યાં સુધી રાષ્ટ્રીય પ્રમુખની નિયુકિત અટકી છે.

# ટ્રમ્પ - નેતાનયાહુ સામે ઈરાનના મૌલવીનો ફતવોઃ પદભ્રષ્ટ કરવા કરી અપીલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાનના સૌથી મોટા શિયા ધર્મગુરુ ગ્રાન્ડ અયાતુલ્લાહ નાસેર મકોરમ શિરાજીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સામે એક સખ્ત ફતવો જાહેર કર્યો છે, જેમાં બન્ને નેતાઓને ખુદાના દુશ્મન ઠેરવીને દુનિયાભરના મુસલમાનોને એક થઈને તેમનો તખ્તાપલટ (પદભ્રષ્ટ) કરવાની અપીલ કરી છે.

આ ફતવો ઈરાનના ઈસ્લામી શાસન વિરુદ્ધ ધમકીઓના જવાબમાં આવ્યો છે, જેણે હાલમાં જ ઈઝરાયેલ અને અમેરિકા સાથે ૧૨ દિવસની લડાઈ લડી હતી. ઈરાનની મેહર ન્યુઝ એજન્સી અનુસાર અયાતુલ્લાહ મકોરમે કહ્યું હતું કે જે પણ શખ્સ કે પ્રશાસન અમારા ધર્મગુરુને ધમકી દે તેને મોહારેબાહ (ખુદા સામે જંગ કરનાર) સમજવામાં આવશે.

ઈરાની કાયદા મુજબ મોહારેહ માં મોતની સજા, શુલી, અંગ-ભંગ કે દેશ નિકાલની સજા આપવામાં આવે છે. આ ફતવામાં કહેવામાં આવ્યું છે કે આ દુશ્મનોને તેમના નિવેદનો અને ભુલો પર પસ્તાવો કરાવવાનું દરેક મુસલમાનની ફરજ છે. એમાં એ પણ જોડવામાં આવ્યું છે કે કોઈપણ મુસ્લિમ દેશ કે શખ્સનો આ દુશ્મનોને સાથ દેવો હરામ છે. ફતવા મુજબ જો કોઈ મુસલમાન આ કથિત જેહાદમાં મુશ્કેલીનો સામનો કરે છે કે નુકસાન ઉઠાવે છે તો તેન ખુદાના માર્ગે લડનારની જેમ જન્નતમાં ઈનામ મળશે. આ ફતવો એ ૧૨ દિવસની જંગ બાદ આવ્યો છે, જે ૧૩ જૂનથી શરૂ થઈ હતી, ઈઝરાયેલે ઈરાનમાં બોમ્બ મારો કર્યો હતો, જેમાં ઈરાનના મોટા સૈન્ય કમાન્ડર અને પરમાણુ કાર્યક્રમમાં જોડાયેલા સાયન્ટીસ્ટ માર્યા ગયા હતા. જવાબમાં ઈરાને ઈઝરાયેલી શહેરો પર બેલેસ્ટીક મિસાઈલોથી હુમલો કર્યો હતો.

ફતવો એક ઈસ્લામી કાનૂનની વ્યાખ્યા છે, જે શિયા સમુદાયના સૌથી મોટા ધર્મગુરુ દ્વારા જાહેર કરવામાં આવે છે.

# મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં લાલપુર કન્યાશાળા ખાતે "શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ"ની ઉજવણી કરાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના પ્રવાસનમંત્રી મુળુભાઇ બેરાના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં પીએમ લાલપુર કન્યાશાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવએ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પરંતુ સમાજ માટે એક ઉત્સવ સમાન છે. શાળા ખુલ્યા બાદ ત્રણ દિવસ સુધી રાજ્યની તમામ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. મુખ્યમંત્રી સહિતનું મંત્રીગણ તેમજ અધિકારીઓ ગામડે ગામડે જઈને શાળામાં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી શાળામાં સ્વાગત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શૈક્ષણિક કીટ આપે છે. શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ ઘટે, શિક્ષણની ગુણવત્તા વધે, ૧૦૦% નામાંકન થાય તે હેતુથી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. સરકારે આ કાર્યક્રમને આગળ ધપાવવા માટે અનેક પગલાંઓ લીધા છે. સરકારી શાળાઓમાં ક્વોલિફાઇડ શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે.



હવે શાળાઓમાં આધુનિક કોમ્પ્યુટર લેબ, સ્કૂલ ઓફ એક્સલેન્સના પરિણામે શિક્ષણમાં સુધાર થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીની આગેવાની હેઠળ શિક્ષણ નીતિમાં બદલાવ આવતા વિદ્યાર્થીઓમાં પણ નવા જ્ઞાનનું સિંચન થયું છે. દરેક વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી આર્થિક સહાય થકી રાજ્યના વિદ્યાર્થીઓ વિદેશમાં પણ ઉચ્ચ અભ્યાસ માટે જઈ રહ્યા છે. સ્માર્ટ આંગણવાડીઓ તથા શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમની સુવિધાઓ થકી શિક્ષકોને પણ ફાયદો થઈ રહ્યો છે.પીએમ લાલપુર કન્યાશાળા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં આંગણવાડીના ૧૦, બાલવાટિકામાં ૫૨, ધોરણ ૧ માં ૪૧, ધોરણ ૯માં ૧૬૨ અને ધોરણ ૧૧માં ૧૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. શિક્ષણ ક્ષેત્રે પ્રથમ પગથિયું માંડનાર વિદ્યાર્થીઓને મંત્રી તથા મહાનુભાવોએ શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. તથા ધોરણ ૯ અને ધોરણ ૧૧ની વિદ્યાર્થીનીઓને પુસ્તકની કીટ તેમજ શાળામાં વિશેષ સિદ્ધિઓ હાંસલ કરેલ તથા સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં એપીએમસીના ચેરમેન કાનાભાઈ આંબલીયા, અગ્રણીઓ સમીરભાઈ ભેંસદડિયા, પ્રવીણસિંહ જાડેજા, રમેશભાઈ, જેસાભાઈ નંદાણીયા, ખીમજીભાઇ ધોળકિયા, કૌશિકભાઇ, રમેશભાઈ ગાગીયા, જયપાલસિંહ જાડેજા, સરપંચ જયેશભાઈ તેરૈયા, પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલભાઈ મહેતા, આગેવાનો, બીઆરસી અને સી.આર.સી કોર્ડીનેટર, અધિકારીઓ, આચાર્ય, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નામચીન બુટલેગરના પુત્ર ઉપર કુખ્યાત શખ્સ આણી ટોળકીનો સોડા બોટલોના ઘા કરી હુમલો

## કારના રૂપિયા મામલે ફોનમાં ગાળો ભાંડી મારા માણસો આવે છે તૈયારી રાખજે તેવી ધમકી આપ્યા બાદ ટોળું ધસી આવ્યું; પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર વાંકાનેર સોસાયટી શેરી નમ્બર ૩૪ના ખૂણે બજરંગવાડીમાં રહેતાં અને મારવાડી કોલેજમાં ભણતા યુવાનના ઘર પર ઈશોભા દલ સહિતના ૧૧ જેટલા શખ્સોએ ટોળકી રચી હલ્લો મચાવી ગાળો આપી સોડાબોટલોના ઘા કરી ધાકધમકી આપતાં ફરિયાદ દાખલ થઈ .

ગાંધીગ્રામ પોલીસે આ બારામાં કોનેન યાકુબભાઈ મોટાણી-સંધિ મુસ્લીમ (ઉ.વ.૨૦ ધંધો- અભ્યાસ રહે-'' વાકાનેર સોસાયટી શેરી નં ૩૪ કોર્નર બજરંગવાડી)ની ફરિયાદ પરથી આબીદ જુણેજા, મીરખાન રહીશ દલ, ઈશોભા રિઝવાન દલ, મહેબુબ અઘામ, સમીર ઉર્ફે ધમો બસીર શેખ તથા અન્ય સાતથી આઠ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

ફરીયાદી યુવાન કોનેન મોટાણી પોતાના ઘરે હતા ત્યારે આ અજાણ્યા નંબર ઉપરથી રાજા ઉર્ફે શાહરૂખ જુણેજાના નામથી ફરીયાદીના મોબાઇલ ઉપર ફોન કરી ફરીયાદીને ગાળો આપેલ ત્યાર બાદ થોડીવાર પછી આ આબીદ જુણેજાએ ફોનમા ફરીયાદીને ધમકી આપી ગાળાગાળી કરી ફોન કાપી નાખેલ. બાદ આ બધાએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી ફરીયાદીના ઘર પાસે આવી જેમ તેમ બોલી ભુંડાબોલી ગાળો આપી ફરીયાદી કોનેનને જાનથી મારી નાખવાની ધમકી આપી તેના ઉપર ખાલી સોડાની બોટલોના છુટા ઘા કરી નાશી ગયા હતાં.

કોને મોટાણીએ પોલીસને જણાવ્યું છે કે હું મારા પરિવાર સાથે રહુ છું અને મારવાડી કોલેજમાં કોમર્સમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરૂ છુ શુક્રવારે સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાના સુમારે હું મારા ઘરે હતો ત્યારે મારા મોબાઇલ પર અજાણ્યા મોબાઇલ નંબર ઉપરથી ફોન આવેલ અને મને ફોન ઉપર કહેલ કે, હું રાજા ઉર્ફે શાહરૂખ જુણેજા બોલુ છુ તે મને કાર કે રૂપિયા આપ્યા ન હોઈ જેથી મારા માણસો તારા ઘરે આવે છે તુ તૈયારીમાં રહેજે તેમ કહી મારો ફોન કાપી નાખેલ અને થોડીવાર પછી સાંજના આશરે સાડા છએક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે મારા મોબાઇલમાં આબીદ જુણેજાનો ફોન આવેલ અને તે ફોન ઉપર મને જેમ તેમ બોલવા લાગેલ અને મને ગાળો આપવા લાગેલ અને મને કહેલ કે હું હમણા તારા ઘરે આવુ છુ તેમ કહી મારો ફોન કાપી નાખેલ. બાદ હું મારા મિત્ર સુલ્તાન ફીરોજભાઈ જુણેજા તથા તૌકીર ફીરોજભાઈ જુણેજા એમ અમો ત્રણેય જણા ખુરશી ઉપર અમારા ઘરની સામે આવેલ હનુમાન મંદિર પાસે બેઠા હતા ત્યારે થોડીવારમા અમુક મોટર સાઈકલોમાં આબીદ જુણેજા તથા મીરખાન રહીશ દલ તથા ઈશોભા રિઝવાન દલ તથા મહેબુબ અઘામ તથા સમીર ઉર્ફે ધમો બસીર શેખ તથા બીજા અન્ય સાતથી આઠ અજાણ્યા શખ્સો એકસંપ કરી આવ્યા હતાં. આ બધા મારી સામે થોડા દૂર ઉભા રહેલ અને આ બધા મારી સાથે ગાળા ગાળી કરવા લાગેલ અને આ તમામ માણસોએ અમારી બધા ઉપર વારાફરતી ખાલી સોડા બાટલો ફેકવા લાગેલ અને મારી નાખવાની ધમકી આપવા લાગેલ જેથી હુ ત્યાથી ભાગીને મારા ઘરમાં જતો રહેલ હતો. થોડીવાર પછી આ બધા ત્યાથી તેના વાહનો લઈ જતા રહેલ બાદ મેં મારા ઘરે મારી સાથે ઝઘડો કરવા આવેલ ઉપરોક્ત પાંચેય શખ્સો તથા તેની સાથેના અન્ય સાત થી આઠ અજાણ્યા વિરૂધુધ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવાનું નક્કી કરી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં કોનેને જણાવતા પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબરીમાં એએસઆઈ ડી.જે. જાદવે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહોરમ પર્વ નિમિત્તે જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આગામી દિવસોમાં આવનારા તાજીયાના જુલુસ અનુસંધાન જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હિંદુ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ નિકુંજસિંહ ચાવડાની અધ્યક્ષતા માં શાંતિ સમિતીની બેઠક યોજવામાં આવી હતી. જેમાં હિંદુ અને મુસ્લિમ સમાજના આગેવાનો, તાજીયા ના પરવાનેદારો અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા. મુસ્લિમ ધર્મનો તાજીયા-મહોરમ તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી તથા કોઇ અનિચ્છનીય બનાવ 'ન' બને તે માટે તકેદારી



રાખવા અને જો કોઇ બનાવ બને તો તાત્કાલિક પોલીસ વિભાગને જાણ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત તાજીયા-મહોરમ તહેવાર શાંતિમય વાતાવરણમાં તેમજ હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થાય તેવી સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ નિકુંજસિંહ ચાવડા દ્વારા મુસ્લિમ સમાજના અગ્રણીઓને અપીલ સાથે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના એએસઆઇ બસીરભાઇ મલેકની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# બાઇક પુલની દીવાલ સાથે અથડાઇને નીચે ખાબક્યું, બે યુવાનોનાં મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.લાલપુર તાલુકાના બબરજર ગામની ગોલાઈ પાસે ત્રીપલ સવારી બાઇક પૂલની દીવાલ સાથે ટકરાઈને નીચે ખાબક્યું હતું. જ્યાં પથ્થરો પડયા હોવાથી બાઇક ચાલક સહિત બે પર પ્રાંતિય યુવાનોના મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે ત્રીજા યુવાનને ગંભીર ઇજા થઇ હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે.લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતા અને મૂળ મધ્યપ્રદેશના મનાવર જિલ્લાના ગોરાડીયા ગામના વતની અને બાઇકના ચાલક દયારામ અનસિંહ ડાવર (ઉ.વ.૪૦) બાઇક લઈને પોતાની સાથે સાવન રાજુભાઇ વાસ્કેલ (ઉ.વ.૩૫) તથા અમરસિંહ સીતારામ વાસ્કેલ (ઉ.વ.૪૦)ને બેસાડીને બબરજર ગામ તરફથી ગોવાણા તરફ આવતા હતા એ દરમિયાન મોટર સાઇકલ પુલની પાળી સાથે અથડાતા ત્રણે'ય બાઇક સાથે પુલ નીચે પથ્થરવાળી જગ્યામાં પટકાયા હતા. આ અકસ્માતમાં દયારામ ડાવર તથા સાવન રાજુભાઇ વાસ્કેલને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી બંનેના મૃત્યુ નીપજ્યા હતા તથા અમરસિંહ સીતારામ વાસ્કેલને ગંભીર ઈજાઓ થઈ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા.તેની સાથે જ મજૂરી કામ કરતા અને તેના કુટુંબી કૈલાશ દયારામભાઈ વાસ્કેલે પોલીસને જાણ કરતાં લાલપુરના પીએસઆઇ એસ.પી. ગોહિલ અને સ્ટાફ બે મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઇજાગ્રસ્તનું નિવેદન નોંધ્યું છે.

# જામનગર જીલ્લામાં જુગાર અંગે ચાર સ્થળે દરોડા બે મહિલા સહિત ૨૦ જુગારીઓની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર લાલપુર અને કાલાવડ પંથકમાં પોલીસે જુગાર અંગે ચાર સ્થળે દરોડા પાડ્યા હતા અને બે મહિલા સહિત ૨૦ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે.જુગારનો પ્રથમ દરોડો જામનગરમાં ઠેબા ચોકડી પાસે આવેલી એક વાડીમાં પાડવામાં આવ્યો હતો. જ્યાંથી જાહેરમાં જુગાર રમી રહેલા સાગર દયાળજીભાઈ નકુમ, લાલજીભાઈ બાબુભાઈ કછેટીયા, રોહિત હસમુખભાઈ કછેટીયા, રજનીકાંત જયંતીલાલ નકુમ અને જગદીશ નાનજીભાઈ કછેટીયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૧૦૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.જુગારનો બીજો દરોડો લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં પાડવામાં આવ્યો હતો.

ત્યાંથી જાહેરમાં જુગાર રમી રહેલી કાજલબેન મનુભાઈ માલદી, ઉપરાંત દિવ્યરાજસિંહ ઇન્દ્રજીતસિંહ જાડેજા, પંકજસિંહ નારૂભા જાડેજા, ધર્મેન્દ્રસિંહ રઘુભા જાડેજા અને રણછોડભાઈ ગોરધનભાઈ પટેલની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૮,૦૪૦ ની રોકડ રકમ કબજે કરી છે.જુગાર અંગેનો ત્રીજો દરોડો કાલાવડ નજીક રણુજા રોડ ઉપર એક ધાર્મિક સ્થળની બાજુમાં પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ગંજીપાના વડે જુગાર રમી મહેશ મનુભાઈ કપુરીયા સહિત ૭ આરોપીની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૮૫૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

જુગાર અંગેનો ચોથો દરોડો જામનગરના બેડેશ્વર નજીક ગરીબ નગરમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલી શેરબાનુ લાખાભાઈ સંધિ તેમજ સલીમ કરીમભાઈ જેડા, ઓસમાન જાનમામદ સફિયા, અને રફીક સલીમભાઈ વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૪,૨૫૦ ની રોકડ કબજે કરી છે.

# જામનગરના કોલેજીયન યુવતીને નીટની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતાં ગળાફાંસો ખાઇ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગોકુલધામ સોસાયટી શેરી નંબર-૨ માં રહેતી અને પંચવટી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી કેસરબેન ગોવિંદભાઈ વાટલીયા નામના ૧૮ વર્ષની કોલેજીયન યુવતીએ ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમા કપડાની દોરી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે, અને પરિવારમાં કરુણાંતિકા છવાઈ છે.આ બનાવ અંગે મૃતક યુવતીના પિતા ગોવિંદભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયાએ પોલીસને જાણ કરતાં સિટી એ.ડીવીઝનની પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને વિદ્યાર્થીનીના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક વિદ્યાર્થી યુવતીએ તાજેતરમાં નીટની પરીક્ષા આપી હતી, અને તેનું રીઝલ્ટ આવ્યું હતું, જેમાં તેને સારા માર્ક્સ આવ્યા ન હતા, તેથી તેણીને મનમાં લાગી આવ્યું હતું, અને ખોટા વિચારો કરતી હતી. દરમિયાન ગઈકાલે તેણીએ ગળાફાંસો ખાઈ લઇ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે. જે બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# ઉજ્જવલ સોસાયટીમાં નજીવા પ્રશ્ને મારામારીઃ બેને ઈજા

## સામસામે મારામારી કરનાર ૭ શખ્સો વિરુદ્ધ નોંધાતી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર આવેલ ઉજ્જવલ સોસાયટીમાં નજીવા પ્રશ્ને મારામારી થઈ હતી. જેમાં બે યુવકને ઈજા પહોંચી હતી. જ્યારે સામસામી મારામારી કરનાર ૭ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ ઉપર આવેલી ઉજ્જવલ સોસાયટીમાં રહેતા અશોકભાઈ હરજીવનભાઈ પંડ્યા ઉ.વ. ૫૧ પોતાના ઘર પાસે હતા ત્યારે અર્જુન મોઢવાડિયા અને દેવગઢવી સહિતના ત્રણ અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી બિભસ્ત ગાળો ભાંડી ઢીકા-પાટુનો માર માર્યો હતો અને આધેડના ઘર પર પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે વળતા પ્રહારમાં મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે આવેલ જમના પાર્કમાં રહેતા અર્જુન જોધાભાઈ મોઢવાડિયા ઉ.વ. ૨૩ ઉપર અશોક પંડ્યા અને સચિન પંડ્યાએ પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. આ અંગે સામસામે પક્ષે બીડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

અશોકભાઈ પંડ્યાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુમલાખોર શખ્સોએ શેરીમાં રોડ ઉપર બેસવા મુદ્દે ઝઘડો કરી મારમારી ઘર પર પથ્થરમારો કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે અર્જુનભાઈ મોઢવાડિયાએ હુમલાખોર સચિન પંડયાની પત્ની સાથે અગાઉ મિત્રતા હોય જેનો ખાર રાખી હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. બીડીવીઝન પોલીસ મથકમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ એનએન ખશિયા સહિતના સ્ટાફે ફરિયાદના આધારે તપાસનો દૌર લંબાવ્યો છે.

# જામનગરની મહિલા પુત્રીના લગ્ન માટે વ્યાજે નાણાં લીધા બાદ વ્યાજખોરની ચુંગાલમાં ફસાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રણજીત સાગર રોડ પર પુષ્કર પાર્ક શેરી નંબર-૮ માં રહેતી મંજુબેન કાનાભાઈ ખરા નામની ૪૦ વર્ષની મહિલાએ પોતાની પાસેથી રાક્ષસી વ્યાજ વસુલી મકાનના કાગળો અને કોરા ચેકમાં સહી કરાવી ધાક ધમકી આપનાર મયુર ટાઉનશિપમાં રહેતા કમલેશ ચંદુલાલ ચાંદ્રા નામના વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદી મહિલાને અગાઉ પોતાની પુત્રીના લગ્ન માટે પૈસાની જરૂરિયાત ઊભી થઈ હોવાથી આરોપી કમલેશ ચાંદ્રા પાસેથી ૩,૦૦,૦૦૦ વ્યાજે લીધા હતા અને દર મહિને ૧૯,૦૦૦ નો હપ્તો ચૂકવતા હતા.

જે પેટે કુલ ૩,૪૨,૦૦૦ ની રકમ ચૂકવી દીધી હતી.વ્યાજખોરે સિક્યુરિટી પેટે ત્રણ કોરા ચેકમાં સહી કરાવી લીધી હતી, ઉપરાંત મકાનના કાગળો પણ ગીરવે મુકાવી દીધા હતા, અને હજુ મુદ્દલ રકમ અને વ્યાજની ઉઘરાણી કરતાં આખરે મામલો પોલીસ મથકે લઈ જવાયો હતો, અને આ ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસે વ્યાજખોર સામે ગેરકાયદે નાણા ધીરધાર કરવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના ખાનપર ગામમા ખેતીની જમીન પર ગેરકાયદેસર કબજો કરનાર બે ભાઈઓ સામે લેન્ડગ્રેબીંગની ફરિયાદ

## ફરિયાદીએ પેમેન્ટ કરી દસ્તાવેજ કરાવી જમીન ખરીદી હતી છતાં જમીન વેચનાર મહિલાના પુત્રોએ ગેરકાયદેસર કબજો કરી વાવેતર કરેલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ખાનપર ગામની ખેતી વિષયક જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી તેમાં વાવેતર કરી આર્થિક ઉપજ મેળવતા બે સગાભાઈઓ વિરુદ્ધ જમીન-માલીક દ્વારા લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ નોંધાવતા, તાલુકા પોલીસે બન્ને આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના ખાન પર ગામના સર્વે નં. ૩૪ પૈકી-૯ ની જમીન હાલ વસંતભાઈ છગ્ગનભાઈ રાજકોટિયા ઉવ.૪૯ રહે.હાલ ફ્લોરા-૧૭ એસ.પી. રોડ મોરબીની માલિકીની હોય ત્યારે આ જમીન આરોપી પ્રકાશભાઈ તરશીભાઈ જીવાણી તથા આરોપી કલ્પેશભાઈ તરશીભાઈ જીવાણી બન્ને રહે. ખાનપર તા. મોરબીએ આ જમીન ઉપર ગેરકાયદેસર કબજો કર્યો હોય જેથી બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી વસંતભાઈએ પોતાની જમીન તા. ૨૪/૦૫/૨૦૨૧ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૯૭૦૩ મુજબ શારદાબેન તરશીભાઈ જીવાણી પાસેથી રૂ. ૩,૦૫,૦૦૦/- ચૂકવીને ખરીદી હતી. તેમ છતાં આ જમીન પર શારદાબેનના પુત્રો આરોપી પ્રકાશભાઈ તથા કલ્પેશભાઈ તરશીભાઈ જીવાણીએ ગેરકાયદે કપાસનું વાવેતર કરી જમીનનો કબજો લેવાનો પ્રયાસ કર્યો હતો.

વધુમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી વસંતભાઈએ વારંવાર તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો, તેમજ લીગલ નોટિસ મોકલ્યા છતાં પણ આરોપીઓએ જમીન ખાલી કરી નહોતી. પરિણામે, વસંતભાઈએ લેન્ડ ગ્રેબીંગ અધિનિયમ હેઠળ અરજી દાખલ કરતા, કેસની તપાસ મામલતદાર દ્વારા કરવામાં આવી હતી અને તમામ દસ્તાવેજી પુરાવા તેમજ રેવન્યુ રેકર્ડને આધારે જીલ્લા કલેક્ટર અને લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠકમાં બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરવા લેખિત હુકમ કરવામાં આવતા, બન્ને આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ વિરુદ્ધ જમીન પચાવી પાડવા ઉપર પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ જેલમાંથી ચાર કેદીઓનો ભાગવાનો પ્રયાસ, ધાબા ઉપરથી ઝડપાયા



## પોક્સો કેસમાં ક્યારેય છુટીશું નહી, જેથી ફરાર થવાનો પ્લાન કર્યોબેરેકના સળિયા વાળી નાખ્યા, વહીવટી બિલ્ડીંગના ધાબે છુપાયેલા હતા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ જેલમાં પોક્સો કેસમાં રહેલા કાચા કામના ચાર કેદીઓએ ક્યારેય છુટીશું નહી જેના કારણે ભાગવાનો પ્લાન કર્યો અને ગતરાતે બેરેકના સળીયા વાળી નાખીને બહાર નીકળી ગયા અને વહીવટી બિલ્ડીંગના ધાબા ઉપર છુપાયા હતા, તે અરસામાં જેલમાં ખબર પડી જતા જેલ સ્ટાફે ત્રણ ટીમો બનાવીને ચારેય કેદીને ધાબા ઉપરથી ઝડપી લીધા અને તેમનો ભાગવાનો પ્લાન નિષ્ફળ બનાવ્યો હતો.

જૂનાગઢ જેલમાં પોક્સો કેસમાં ચાર કાચા કામના કેદીઓ બંદીવાન છે, જેમાં વિસાવદરનો વિરેન્દ્ર ભનુ મકવાણા જે તા. ૨૭ ડીસેમ્બર ૨૦૨૩, ભૂપત દેવજી ચાવડીયા જે તા.૧૪ મેં ૨૦૨૫ થી જેલમાં છે, ભેંસાણનો ડાયા ચના કરસડીયા તા.૩૧ માર્ચ ૨૦૨૫ થી અને કેશોદનો અશ્વિન ઉર્ફે દીપક કાળુ મકવાણા જે તા.૧૭ એપ્રિલ ૨૦૨૫ થી જેલમાં કાચા કામના કેદી તરીકે જેલમાં બંદીવાન છે.

# મધુરમ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ૧.૨૭ લાખના ગાંજાના જથ્થા સાથે બિહારી શખ્સ ઝડપાયો

## ગાંજે, મોબાઈલ અને રોકડ મળી૧.૩૨ લાખને મુદ્દામાલ કબજે કરતી એસઓજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર એસઓજીની ટીમે માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કરી બિહારી શખ્સને મધુરમ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાંથી ઝડપી લીધો છે. પોલીસે ૧.૨૭ લાખની કિંમતનો ૧૨.૭૫૧ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો મળી કુલ રૂ.૧,૩૨,૮૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ન ચડે અને નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકે તે માટે SAY NO TO DRUGS મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના અપાઈ હોઈ એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હોઈ હેડકોન્સ. હરદેવસિંહ દીલુભા જાડેજા, યોગરાજસિંહ છનુભા ગોહીલ અને કોન્સ. અનોપસિંહ પ્રવીણસિંહ ઝાલાને બાતમી મળતાં રાજકોટ મધુરમ ઈન્ડસ્ટ્રીઝ શેરી નંબર -૪ નેશનલ હાઈવે-૨૭ સર્વીસ રોડ પાસેથી અભિજીતકુમાર નિઠાલી પાસવાન (ઉ.વ.-૩૪ રહે.



હાલ-શાપર વેરાવળ કારખાનામાં મુળ રહેવાસી ફુઢવા ટોલા નવાદા ભોજપુર બિહાર)ને રૂ.૧,૨૭, ૫૧૦ ના ૧૨.૭૫૧ કિ.ગ્રામ ગાંજા સાથે પકડી લીધો છે. ગાંજો, મોબાઈલ, રોકડ મળી રૂ.૧,૩૨,૮૧૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ની સૂચના અંતર્ગત આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ.જાડેજા, એન.વી.હરીયાણી, પો.સબ ઈન્સ. વી.વી.ધ્રાંગુ, એ.એસ.આઈ. વિરેન્દ્રસિંહ ઝાલા, એ.એસ.આઈ. અરૂણભાઈ બાંભણીયા, પો.હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, યોગરાજસિહ ગોહીલ, મહાવીરસિંહ ઝાલા, હરદેવસિંહ વાળા, પો.કોન્સ. અનોપસિંહ ઝાલા અને ડ્રા. પો.હેડકોન્સ.મહાવીરસિંહ જાડેજાએ કરી હતી.

# ભાંખ,મોજીરા,ગઢાળા ગામે શાળા પ્રવેશ અને કન્યા કેળવણી કાર્યક્રમ ઉજવાયો



## આંગણવાડીના બાળકોને કુમ કુમ પગલા કરીને પ્રવેશ અપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ ત્યારે ઉપલેટા તાલુકાના ભાંખ,મોજીરા,ગઢાળા ગામે શાળા પ્રવેશ તથા આંગણવાડી પ્રવેશ કાર્યક્રમ યોજાયેલ હતો. આ તકે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી જે.આર. સાવલિયા સાહેબ,રોયલ્ટી ઈન્સ્પેકટર રાણવા સાહેબ,પટેલ સાહેબ ,ગોહિલ સાહેબ , જીલ્લા પંચાયત સદસ્ય મીરાબેન ભાલોડીયા, પૂર્વ તાલુકા પ્રમુખ વિનુભાઈ ચંદ્રવાડીયા બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશી બા જાડેજા મુખ્ય સેવિકાબેન તાલુકા પંચાયતના સભ્યો ગામના સરપંચ ગામના ઉપસરપંચ તથા આગેવાનો આરોગ્ય વિભાગના આંગણવાડી વર્કર હેલ્પર બહેનોની રૂબરૂમાં શાળા તથા આંગણવાડી પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સાથે આંગણવાડીના બાળકોને ડ્રેસ વિતરણ રમકડા વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સાથે આવેલ અધિકારીશ્રી,પદાઅધિકારીશ્રી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને કિશોરી દ્વારા આવેલ અધિકારી પદાધિકારીને બુકે આપીને કાર્યક્રમ માં આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પાપા પગલી ઈન્સ્ટ્રક્ટર સાવનભાઈ મહીડાએ યાદીમાં જણાવેલ હતું.

# બ્રિટનમાં પણ ભગવાન જગન્નાથનો જયજયકાર

**મુખ્ય સમાચાર, લંડન**

યુકે (યુનાઈટેડ કિંગડમ)ના સ્લોમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળી હતી અને સ્લોના માર્ગો ભગવાન જગન્નાથના જયકારા ગુંજી ઉઠયા હતા. ઉપ ઉચ્ચાયુક્ત (ડીએચસી) સુજીત ઘોષે રથયાત્રાનું અનુષ્ઠાન કરાવ્યું હતું. જગન્નાથ સોસાયટી યુકે દ્વારા આયોજીત રથયાત્રામાં એક હજારથી વધુ શ્રદ્ધાળુઓ સામેલ થયા હતા. એક હજારથી વધુ ભકતો આ રથયાત્રામાં સામેલ થયા હતા. અનુષ્ઠાનમાં દેવતાઓ સામે રથને સાફ કરવામાં આવે છે. જે ભગવાન સામે વિનમ્રતા અને સમાનતાનું પ્રતીક છે.



# બાળકોની કિલકારીઓથી શાળાઓ ગુંજી ઉઠી

## ગોંડલ તાલુકાની ત્રણ શાળાઓમાં ૧૨૭ બાળકોનો થયો શાળા પ્રવેશ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

"શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૫" ના અંતિમ દિવસે રાજકોટના ગોંડલ તાલુકાના લુણીવાવ, વેજાગામ અને અનિડા ભાલોડી ગામની પ્રાથમિક શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકામાં, ધોરણ-૧ અને ધોરણ-૯ માં કુલ મળીને ૧૨૭ જેટલા વિદ્યાર્થીઓનો આનંદભેર શાળાપ્રવેશ કરાવાયો હતો.

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સહાયક માહિતી નિયામક સોનલબેન જોશીપુરાના અધ્યક્ષતામાં યોજાયેલ

શાળા પ્રવેશોત્સવ પ્રસંગે ગોંડલ તાલુકાના સી.ડી.પી.ઓ. કોમલબેન ઠાકર તથા વેજાગામના સરપંચ વર્ષાબેન ભાલાળાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ તકે મહાનુભાવો દ્વારા શાળાના બાળકોને અને આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરાયું હતું. આ સાથે જ શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ, મુખ્યમંત્રી જ્ઞાનસાધના સ્કોલરશીપ યોજના, NMMS, CED નુ મેરીટ મેળવનાર વિદ્યાર્થીઓનું આમંત્રિતોએ સન્માન કર્યું હતું. પ્રાથમિક શાળાઓના ઉત્સવ માટે દાતાઓ તરફથી શૈક્ષણિક કીટ મળી હતી, જે બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીના બાળકોનું કુમકુમ પગલા કરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ શાળાના બાળકોએ પર્યાવરણ, બેટી બચાવો બેટી પઢાવો, સામાજિક ઉત્થાન, નારી શક્તિ શિક્ષણનું મહત્વ જેવા વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા.

આ તકે અનિડા ભાલોડી ગામના સરપંચ સામતભાઈ બાંભવા, લુણીવાવ પ્રા. શાળાના આચાર્ય દિનેશભાઈ ડોબરીયા, વેજાગામ પ્રાથમિક શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ જાડેજા, સામાજિક આગેવાનો, તમામ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, શિક્ષકો વાલીઓ વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લુપ્ત થતી વનસ્પતિને બચાવવા રાજકોટ જિલ્લાનો યુવક ચલાવે છે વિનામૂલ્યે બીજ પોસ્ટ અભિયાન

## વંદે વસુંધરા બીજ બેન્ક દ્વારા સાત વર્ષમાં ૨૦ હજારથી વધુ લોકોને વિનામૂલ્યે બીજ વિતરણ કરાયુંઃ આ વર્ષે જૂન માસમાં જ ૧૦૦૦થી વધુ લોકોને બીજ પોસ્ટ કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ સંદીપ કાનાણી**

ઉપલેટામાં રહેતા મહેશભાઈને જીવંતી ડોડી સહિત કેટલીક દુર્લભ વનસ્પતિઓના બીજની જરૂર હતી. જે તેમને મળતા નહોતા.તેમના ધ્યાનમાં રાજકોટની વંદે વસુંધરા બીજ બેન્કનો નંબર આવ્યો. મહેશભાઈએ વોટ્સએપથી સંપર્ક કરીને બીજની જરૂરિયાત જણાવી. બે દિવસમાં જ તેમને જોઈતી દુર્લભ વનસ્પતિઓના બીજ કૂરિયર દ્વારા ઘરે બેઠા મળી ગયા. તેમને માત્ર કૂરિયરનો સામાન્ય ચાર્જ ચૂકવવો પડ્યો. દુર્લભ બીજ તો વિનામૂલ્યે જ મળ્યા!

મહેશભાઈ તો ઉદાહરણ છે, પણ ગુજરાત ઉપરાંત જમ્મુ-કાશ્મીરના ફૌજીથી લઈને, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કેરળ સહિતના રાજ્યોના ૨૦ હજારથી વધુ લોકો છેલ્લા સાત વર્ષમાં વંદે વસુંધરા બીજ બેન્ક થકી દુર્લભ વનસ્પતિઓના બીજ વિનામૂલ્યે ઘરે બેઠા મેળવીને વનસ્પતિઓનું સંવર્ધન કરી રહ્યા છે.

અને આ દુર્લભ કાર્ય શક્ય અને સરળ બન્યું છે રાજકોટના લોધિકા તાલુકામાં રહેતા એક યુવક રાજેશ બારૈયાના પરિશ્રમ થકી.



લુપ્ત થતી વનસ્પતિઓને બચાવવા અને તેના વિસ્તાર માટે ૩૫ વર્ષીય યુવક રાજેશ બારૈયાએ બીજ પોસ્ટ અભિયાન છેડ્યું છે. આ માટે રાજેશે વર્ષ ૨૦૧૯માં ૨૫મી જૂનથી વિનામૂલ્યે બીજ વિતરણ કરતી વંદે વસુંધરા બીજ બેન્ક શરૂ કરી છે. રાજેશ મેટોડામાં એક કંપનીમાં સેફ્ટી સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તે લોધિકાના બાલસર ગામ પાસે માત્ર વન બેડરૂમ, હોલ, કીચનના નાનકડા ફ્લેટમાં ભાડાના મકાનમાંથી પરિવાર સાથે પ્રકૃતિ જતનનું મહાઅભિયાન ચલાવી રહ્યો છે. આ કામમાં પત્ની ધનીબહેન, સાત વર્ષની દીકરી નિધિ તથા પાંચ વર્ષનો દીકરો દેવ પણ મદદ કરે છે.

આ બીજબેન્કમાં હાલ ૩૦૦ પ્રકારના બીજ છે. જેમાંથી ૨૦૦ પ્રકારના બીજનું વિનામૂલ્યે વિતરણ કરે છે. સીતાફળ, વાંસ, અપરાજિતા, ટીમરૂ, ખેર, જીવંતી ડોડી, કાળી ડોડી, કૈલાસપતિ, કાળો ધતૂરો, અરલુ (ટેટુ-ભાગ્યે જ જોવા મળતી શિંગ), રૂખડો, નોળવેલ, વર્ષાડોડી સહિત અનેક પ્રકારના બીજ તેની પાસે મોજૂદ છે. વંદે વસુંધરા બીજ બેન્ક ફેસબુક પેજ, વોટસએપ (૯૪૨૭૨ ૪૯૪૦૧) કે વનવાસી કવિ એફ.બી.-ઈન્સ્ટાગ્રામ પર કોઈ રાજેશનો સંપર્ક કરે, એટલે તે તુરંત બીજનું કવર મોકલી આપે છે.



રાજેશના જણાવ્યા પ્રમાણે, એક કવરમાં આઠ-દસ પ્રકારના કુલ મળીને નાના-મોટા ૫૦-૭૦-૮૦ જેટલા બીજ હોય છે. આ વર્ષે જૂન માસના ૨૫ દિવસમાં જ તે ૧૦૮૦ લોકોને બીજના કવર મોકલી ચૂક્યો છે. સામાન્ય રીતે ચોમાસાની સિઝનના ચાર મહિના તે બીજનું વિતરણ કરે છે. આ સિઝનમાં આશરે ૪૦૦૦ લોકોને બીજ વિતરણ કરવાનો તેનો લક્ષ્યાંક છે. આ વર્ષે તેણે ૩૦૦ લોકોને જીવંતી ડોડીના બીજનું વિતરણ કર્યું છે. અત્યાર સુધીમાં તે રાજ્યની ૫૫૦ જેટલી શાળા-કોલેજોમાં વિનામૂલ્યે કુરિયરનો ચાર્જ લીધા વિના વિવિધ બીજના કવર મોકલી ચૂક્યો છે.

રાજેશ ફુરસતના સમયમાં વિવિધ વિસ્તારોમાં જઈને લુપ્ત થતી જતી વનસ્પતિઓના ફળ-શિંગ-બીજ શોધતો રહે છે. જરૂર પડ્યે તે આવા બીજ બહારથી ખરીદી લાવીને સંવર્ધન કરીને તૈયાર કરે છે. ઘરે પત્ની આ બધા ફળ-શિંગ સૂકવીને બીજ તૈયાર કરે છે.

કેવી રીતે આ બેન્ક શરૂ કરવાનો વિચાર આવ્યો તે અંગે રાજેશ કહે છે કે, અગાઉ તે મેગેઝીન્સ-છાપામાં પર્યાવરણ વિશે કવિતા-લેખો લખતો. છતાં લોકોમાં પૂરતી જાગૃતિ ના હોય એવું લાગતું. તેણે જોયું કે વનવિભાગ, નર્સરીઓ રોપા ઉછેરીને લોકોને આપે છે, પછી લોકો આ રોપાને વાવીને વૃક્ષો ઉગાડે છે. તેને એવું પણ ધ્યાનમાં આવ્યું કે, લુપ્ત થતી વનસ્પતિઓના છોડ, રોપા બીજ સરળતાથી મળતા નથી. આથી તેણે દુર્લભ વનસ્પતિઓના બીજ ભેગા કરીને લોકોને વિનામૂલ્યે મોકલવાના શરૂ કર્યા. છેલ્લા ત્રણ વર્ષથી રાજેશે લોકોની માગ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નાના પાયે ઔષધીઓનું નિર્માણ પણ શરૂ કર્યું છે.

# શહેરમાં તસ્કરો બેફામ દાણાપીઠમાં એક સાથે પાંચ દુકાનોના તાળા તૂટ્યા

## પિતરાઈ ભાઈઓની દુકાનમાંથી ૧૩,૫૦૦ની ચોરી; અન્ય ત્રણમાં પ્રયાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોલીસને તસ્કરો પણ પડકાર ફેંકી રહ્યા છે અગાઉ પણ દાણાપીઠ વિસ્તારમાં તસ્કરો દ્વારા દુકાનોના તાળા તોડવામાં આવ્યા છે. ત્યારે ગત રાત્રી દરમિયાન ફરી એક વખત તસ્કરોએ એક સાથે પાંચ દુકાનોના તાળા તોડયા હતાં તે પૈકી બે દુકાનમાંથી પરચુરણ, રોકડ અને મોબાઈલની ચોરી કરવામાં આવી હતી બાકી અન્ય ત્રણ દુકાનોમાં કંઈ હાથ લાગ્યું ન હતું. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર હરીહર સોસાયટીમાં રહેતા અને દાણાપીઠમાં પિતાંબરદાસ ભગવાનદાસ ગોળવાળા નામની પેઢી ધરાવતા પ્રિતેશભાઈ મનહરભાઈ કક્કડ દ્વારા એડીવીઝન પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, તસ્કરોએ દાણાપીઠમાં પીતાંબરદાસ ભવાનદાસ ગોળવાળા નામની પેઢી ઉપરાંત તેમના પિતરાઈભાઈ પ્રશાંત જયંતિભાઈ કક્કડની અનાજ-કરિયાણાની પેઢીની દુકાન, તેમજ જગદીશ ટ્રેડિંગ, લક્ષ્મણ ટ્રેડીંગ અને અંકુર એન્ટરપ્રાઈઝ સહિતની દુકાનોમાં ચોરી અને ચોરીનો પ્રયાસ કર્યો હતો. તસ્કરો રાત્રે બે વાગ્ય આઆસપાસ ચોરી કરવા આવ્યા હોવાનુંવેપારીઓનું કહેવું છે. આ ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમની દુકાનમાંથી બે મોબાઈલ ફોન અને પિતરાઈની દુકાનમાંથી ૪૫૦૦ની રોકડ સહિત ૧૩,૫૦૦ની ચોરી કરવામાં આવી છે. એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી. બોરીસાગર સહિતની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસે ફૂટેજ ચેક કરવા પણ તજવીજ આદરી હતી.

# સેલ્ફ ડ્રાઈવમાં આપેલી ૧૪ લાખની કાર પરત નહિ આપી શખ્સે આચરી છેતરપિંડી

## કાર માલિકે પોલીસમાં ઠગાઈની ફરિયાદ નોંધાવતા તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગિરનાર સોસાયટીમાં રહેતા યુવાન પાસેથી કોઠારીયા સોલ્વન્ટનો શખ્સ ૧૪ લાખની થાર કાર ભાડેથી લઈ ગયા બાદ પાછી નહીં આપતા તાલુકા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે

આ અંગેની જાણવા મળ્યા મુજબ આ બનાવમાં ૪૦ ફૂટ રોડ પરની ગિરનાર સોસાયટી શેરી નં.૧માં રહેતા અને પે એન્ડ પાર્કિંગનું કામ કરતા જયેશભાઈ ખોડાભાઈ કુંભારવાડિયા (ઉ.વ.૩૪)એ સેલ્ફ ડ્રાઈવિંગમાં આપેલી રૂ. ૧૪ લાખની કિંમતની થાર ગાડી આરોપી અરમાન મુલતાની (રહે. કોઠારીયા સોલવન્ટ)એ પરત નહીં કરી, વિશ્વાસઘાત કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.જયેશભાઈએ જણાવ્યું છે કે મિત્ર એલીશ ગણેશભાઈ ગીણોયા (રહે. સત્યમ હિલ્સ એપાર્ટમેન્ટ, ૮૦ ફુટનો રોડ) સાથે ભાગીદારીમાં પોતાની કાર સેલ્ફ ડ્રાઈવિંગમાં આપવાનું કામ કરે છે. ગઈ તા. ૧૮ના રોજ એલીશે કોલ કરી વાવડીમાં આવેલી હોટલે કાર લઈ આવવાનું કહ્યું હતું. જેથી ત્યાં પહોંચતા એલીશે તેના મિત્ર અરમાનને રૂ. ૪ હજારના ભાડા લેખે સેલ્ફ ડ્રાઈવિંગ માટે કાર આપી હતી. તે વખતે અરમાન સાથે તેનો મિત્ર વિવેક ડાભી કાર લેવા આવ્યો હતો. બે દિવસ બાદ એલીશે અરમાનને કોલ કરી કાર માંગી હતી. તે વખતે અરમાને મિત્ર વિવેક કાર લઈ ગયાનું કહ્યું હતું. ત્યારબાદ તેના બીજા દિવસે ફરીથી કોલ કરતાં અરમાને કહ્યું કે વિવેક તેનો ફોન ઉપાડતો નથી. જેથી એલીશે, અરમાન વિરૂધ્ધ અરજી આપી હતી. ત્યાર પછી અરમાન કાર આપવા બાબતે જુદા-જુદા બહાના બતાવતો હતો. આ રીતે કાર પરત આપતો ન હોવાથી આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પીઆઈ ડી.એમ. હરિપરાની રાહબરીમાં તપાસ શરૂ થઈ છે.

# રાજ્ય સરકારના આંગણવાડી પ્રવેશોત્સવની અનેરી સિદ્ધિ

## ગોંડલ ઘટક ૧ની ૧૨૪ આંગણવાડીઓમાં કુલ ૨૯૬ બાળકોને આંગણવાડી પ્રવેશ કરાવાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યવ્યાપી આંગણવાડી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૫ના ત્રણ દિવસ માં ગોંડલ ઘટક ની ૧૨૪ આંગણવાડી ઓમાં ૧૪૯ કુમાર ૧૪૭ કન્યા કુલ ૨૯૬ બાળકોને તથા ૩૩૨ કુમાર તથા ૩૧૦ કન્યા કુલ ૬૪૨ બાળકો બાલવાટિકા પ્રવેશ કરાવાયો હતો.

રાજકોટ જિલ્લાના ગોંડલ ઘટક ૧ માં આંગણ વાડી પ્રવેશ ઉત્સવ તેમજ કન્યા કેળવણી મહોઉત્સવ ઉજવણી કરવામાં આવેલ

ગુજરાત સરકાર દ્વારા તા. ૨૬/૨૭/૨૮-૦૬-૨૦૨૫ ન રોજ સમગ્ર ગુજરાત માં આંગણવાડી પ્રવેશઉત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ જેમા મહિલા અને બાળ વિકાસ વિભાગ કચેરી રાજકોટ જિલ્લા ના ગોંડલ ઘટક ૧ માં આંગણવાડી પ્રવેશ ઉત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ જેમા ગોંડલ ઘટક ૧ ના સોનલબેન વાળા ના માર્ગદર્શન હેઠળ પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રકટર ધવલભાઈ પરમાર મુખ્યસેવિકા પીન્ટુબેન દવે,નયનાબેન મેહતા, નયનાબેન સિંહાર,વર્ષાબેન ભટ્ટ,મુકતાબેન ડોબા, દ્વારા દરેક સેજા ની આંગણવાડી માં પ્રવેશ ઉત્સવ દરમ્યાન બાળકો ને આંગણવાડી કેન્દ્ર રંગોળી બનાવી ચાંદલો કરી કંકુ પગલા પાડાવી આંગણવાડી પ્રવેશ કરાવેલ.

આમંત્રિતોના હસ્તે પ્રવેશપાત્ર તમામ બાળકોને શૈક્ષણિક કીટ આપીને હરખભેર આંગણવાડી માં પ્રવેશ કરાવવા માં આવ્યો હતો .

ગોંડલ ઘટક ૧ ની ૧૨૪ આંગણવાડી ના બાળકો ને રાજ્ય સરકારના આંગણવાડી પ્રવેશોત્સવની અનેરી સિદ્ધિ વર્ણવી હતી. ત્રણ દિવસ નવ ગામ શેમળા, ભૂણાવા, મોટા મહીકા, વેકરી, ડૈયા, નો.પીપળીયા, રીબ , દાળિયા, ગામ ની શાળાઓમાં દીપ પ્રાગટ્ય, સ્વાગત ગીત, પ્રાર્થના ગીત, યોગ નિદર્શન અને વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં ગોંડલ ઘટક ૧ ના સી.ડી.પી.ઓ. શ્રી સોનલબેન વાળા ગામ ના આગેવાનો જિલ્લા પંચાયત સદસ્ય તાલુકા પંચાયત સદસ્ય, સરપંચ દૂધ મંડળી પ્રમુખ, સહકારી મંડળી ના પ્રમુખ, શાળા ના શિક્ષકો વાલીઓ વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સરગમ ક્લબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી - ૨૦૨૫ થી જૂન - ૨૦૨૫ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા. ૨૯/૦૬/૨૦૨૫ ને રવિવારે સવારે ૮/૩૦ થી ૧૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાયેલ. મૃતકોના તમામ સ્વજનો ની હાજરીમાં યોજાયેલ. સરગમ ક્લબ આગામી તારીખ ૦૩/૦૭/૨૦૨૫ મી ગુરુવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૭ કલાકે હરકિપેઢી અસ્થિપૂજન ઘાટ ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી, અનવરભાઈ ઢેબા, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, કૌશિકભાઈ વ્યાસ, ભરતભાઈ સોંલકી, દીપકભાઈ શાહ, રાખીલભાઈ વાછાણી સુરેશભાઈ દેત્રોજા, ગુણવંતભાઈ ભટ્ટ, તેમજ ગીતાબેન હિરાણી, ડો. અલ્કાબેન ધામેલિયા જયશ્રીબેન વ્યાસ, હેતલબેન થડેશ્વર, નીતાબેન પરસાણા, હીનાબેન પારેખ, દિવ્યાબેન ઉમરાણીયા, ભાવિશાબેન મહેતા, વર્ષાબેન પટેલ, હેતલબેન જોબનપુત્રા, દેવાંશીબેન શેઠ, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળેલ.

# લાલપુરના બબરજર નજીક બાઈક પૂલ નીચે ખાબકતા ૨ શ્રમિકના નિપજયા મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના લાલપુરના બબરજર ગામે અકસ્માતની ગોઝારી ઘટના સામે આવી છે. ત્રીપલ સવારી બાઈક સ્લીપ થઈ ગયા બાદ પુલ નીચે ખાબકતાં બે શ્રમિકોના ઘટના સ્થળે જ કમમાટીભર્યા ભર્યા મૃત્યુ નિપજયા હતા. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા તેને તાત્કાલિક સારવ-ાર અર્થે ખસેડાયા હતા.

વિગત અનુસાર લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના મનાવર જિલ્લાના રહેવાસી અમરસિંહ સીતારામ વાસ્કેલ પોતાનું એમ.પી.-૧૧-એન.એ.-૪૦૨૯ નંબર નું બાઈક લઈને સાવન રાજુભાઈ વાસ્કેલ (ઉ.વ.૩૫) તથા અમરસિહ સીતારામ વાસ્કેલ (ઉ.વ.૪૦) ને બેસાડીને બબરઝર ગામ તરફથી ગોવાણા તરફ આવતા હતા. જે દરમિયાન સાંજે આશરે ૬.૩૦ વાગ્યાના આરસામાં બાઈક પરથી નિયંત્રણ ગુમાવી દેતા બાઈક પુલની પાળી સાથે અથડાઈ હતી.

ત્રણેય બાઈક સાથે નીચે પથ્થરવાળી જગ્યામાં પડતાં



અમરસિંહ સીતારામ વાસ્કેલ (ઉ.વ.૪૦) સાવન રાજુભાઈ વાસ્કેલને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી બનેના મૃત્યુ નીપજ્યા હતા. તથા અમરસિહ સીતારામ વાસ્કેલને શરીરે તથા માથાના ભાગે મુંઢ ઈજાઓ થઈ હોવાથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડયો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલુ છે.

તેની સાથે જ મજુરી કામ કરતા અને તેના કુટુંબી કૈલાશ દયારામભાઈ વાસ્કેલ પોલીસને જાણ કરતાં લાલપુરના પીએસઆઈ એસ.પી. ગોહિલ અને સ્ટાફના એ.એસ. આઈ. ડી.ડી. જાડેજા તથા અન્ય ટીમ ઘટના સ્થળે દોડી જઈ કાર્યવાહી આગળ ધપાવી હતી.

# અવસાન નોંધઃ બેસણું/પગડિયું



રાજકોટ નિવાસી હંસાબેન નૌતમલાલ રાઘવાણી ઉંમર વર્ષ ૮૨ તે સ્વ.નૌતમલાલ મંછારામ રાઘવાણીના ધર્મપત્ની, દિપકભાઈ(સત્યમ ટેલિકોમ) તથા સુરેશભાઈ(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મારુતિ વિસ્તાર કાર્યવાહ, રાજકોટ શિક્ષણ સમિતિના સભ્ય) ના માતૃશ્રી તેમજ દેવ, દર્શન અને માનવ ના દાદીમાં તારીખ ૨૯ના રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમનું બેસણું/પગડિયું તારીખ ૨/૭ના બુધવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ સુધી બેસણું તથા સાંજે ૬ કલાકે પગડિયું રસ્મ દેવી હોલ શાસ્ત્રીનગર, પોપટપરા નાલા ની સામે રાજકોટ ખાતે રાખેલ છે.

# મગફળીનો પાક નિષ્ફળ જતા ચિંતામાં જામકંડોરણાના જામદાદરના ખેડુતનો આપઘાત

## સરકાર મૃતકના પરિવારને આર્થિક સહાય ચુકવે તેવી માંગ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

જામકંડોરણા તાલુકાના જામદાદર ગામમાં રહેતા માધાભાઈ સામત ભાઈ રાઠોડ ઉ ૫૦ પોતાનું ગુજરાન ખેતી કરીને ચલાવતાં હતાં આ ખેડૂત ભાઈ એ ધીરાણ લઈને ને સાત વિઘા જમીનમાં મગફળીનું વાવેતર કરેલ પણ આ આખું વર્ષ કુદરતી આફત અને કમોસમી વરસાદ અને વાવાઝોડાના પગલે અને આ જામદાદરનાં ખેડૂત એવાં માધાભાઈ રાઠોડનાં નસીબમાં મગફળીનો પાક સારો નહીં લેવાંનું લખ્યું હોય અને સાત વિઘા જમીન પર મગફળીનો પાક નિષ્ફળ ગયા કે નિષ્ફળ જાય તેવી ચિંતા અને પાકની ઉપજ નહીં થતાં રોજેરોજ ચિંતા સતાવતી હતી અને ચિન્તામાં રહેતા હતા અને આજે ઘરેથી નીકળી અને પોતાના ખેતરની ઓરડીમાં



ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી અને પરીવારજનો અને ગામના લોકોને ખબર પડતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહને પીએમ માટે જામકંડોરણા હોસ્પિટલ માં ખસેડવામાં આવેલ આ ઘટના ને લઈને પરીવારજનો પર આભ ફાટયું જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. સરકાર આ મૃત્યુ પામનારા ખેડૂતનાં પરીવારને આર્થિક સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# વેપારી પર હુમલો કરનાર બે શખસો ન પકડાતાં સરધાર રોષપૂર્ણ બંધ

## આખો દિવસ તમામ દુકાનોના શટર ન ખુલ્યાઃ પોલીસનો ચાંપતો બંદોબસ્તઃ સિકંદર સંધિ અને તેની સાથે આવેલા શખસે ટાયર બદલી આપવા મુદ્દે માથાકૂટ કરી હુમલો કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધાર ગામે હાઈ-વે પર ટાયરની દુકાન ધરાવતાં વેપારીને બે શખસોએ ટાયર બદલાવી આપવા જેવી બાબતે છરી બતાવી હુમલો કરતાં વેપારીઓમાં ભયનું મોજું ફરી વળ્યું હતું. બીજી બાજુ આટલા દિવસ વીતી ગયા હોવા છતાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી ન શકતાં રવિવારે આખું સરધાર રોષપૂર્વક બંધ રહ્યું હતું. ગત તા.૨૬ જૂને સરધાર ગામે માટેલ ટાયર્સ એન્ડ ઓટો મોબાઈલ નામની દુકાન ધરાવતાં મયુરભાઈ કાનજીભાઈ વસોયા (ઉં.વ.૩૨, રહે. પટેલ બેકરી સરધાર)ને ત્યાં સિકંદર સંધિ અને તેની સાથે એક





શખસ ધસી આવ્યા હતા. આ બન્નેએ ગાડીના ટાયર બદલવા બાબતે મયુર વસોયા સાથે માથાકૂટ કરી સિકંદરે ગાળો આપી ધમકી આપી હતી તો તેની સાથે રહેલા શખસે મયુરને ત્રણ ફડાકા મારી કારમાંથી છરી કાઢી તેને દોડાવ્યો હતો.

આ ઘટનાના વિરોધમાં રવિવારે સરધાર ગામ સજ્જડ બંધ રહ્યું હતું. પોલીસે ચાર દિવસ વીતી ગયા છતાં હજુ સુધી સિકંદર સંધિ અને તેના સાગરિતને પકડયો ન હોય તેના વિરોધમાં દરેક દુકાન રોષપૂર્વક બંધ રહી હતી. બીજી બાજુ આજીડેમ પોલીસ મથકનો પત્રો હજુ સુધી આરોપીઓ સુધી ન પહોંચ્યાનું પણ જાણવા મળ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કુવાડવા રોડ પર ક્રિષ્ના વોટર પાર્ક સામે રૂ.૫૬.૪૩નો વિદેશી દારૂ ભરેલો ટ્રક પકડાયો

## ક્રાઇમ બ્રાન્ચની ટીમે યુપી અને બિહારના બે શખ્સોને દબોચી લઇ ટ્રક સહિત રૂ.૭૧.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ આસ્થા રેસીડન્સી પાસે ભવાની નગરમાં ૬૩ હજારના દારૂ સાથે બે ઝડપાયા








**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરોએ પણ દારૂનો જથ્થો મંગાવવાનું શરૂ કર્યુ હોય તેમ ગઇકાલે ક્રાઇમ બ્રાન્ચની ટીમે બે અલગ-અલગ દરોડામાં અડધા કરોડથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇ યુપી-બિહારના બે શખ્સો સહિત ૪ બુટલેગરોની ધરપકડ કરી છે.

પ્રથમ દરોડામાં ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવની સુચનાથી પીએસઆઇ વી.ડી.ડોડિયા અને તેની ટીમના એએસઆઇ અમિતકુમાર, હેડ કોન્સ. રાજેશભાઇ, દિપકભાઇ અને કોન્સ. વિશાલભાઇ સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર રાત્રી પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને હકિકત મળી હતી કે, વેસ્ટેઝ ટાયરની આડમાં છુપાવી ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો રાજકોટ તરફ આવી રહ્યો હોવાની હકિકતના આધારે પોલીસે કુવાડવા રોડ પર ક્રિષ્ના વોટર પાર્ક સામે વોચ ગોઠવી હતી તે દરમ્યાન ટ્રક નં.જીજે૦૩ડીવાય૩૬૧૫માં બે શખ્સો શંકાસ્પદ રીતે હંકારી નિકળતા પોલીસે ટ્રકનો પીછો કરી હાઇ-વે પર ટ્રક અટકાવી તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ચપલા નંગ ૧૮૨૮૮ કિંમત રૂ.૫૬.૪૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો ટ્રકમાં ભરેલા વેસ્ટેઝ ટાયરની આડમાં છુપાવેલો મળી આવતા પોલીસે ટ્રકના ચાલક વિશાલસિંગ સુનિલસિંગ રાજપૂત (રહે. ઘંટેશ્વર તીરૂપતી હાઇડસ ફલેટ નં.૮૦૧, રાજકોટ, મું. વતન ઉમરપુર એરીયા (ઉત્તરપ્રદેશ) તથા રંગીલ રાજકુમાર રાય (રહે. ફતેહપુર બિહાર) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂ.૭૧.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો કયાં થી લાવ્યા અને કોને આપવાનો હતો તે દીશામાં તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ.એન.પરમાર અને તેની ટીમના હેડ કોન્સ. હસમુખભાઇ તથા મયુરધ્વજસિંહ સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ આસ્થા રેસીડેન્સીની બાજુમાં ભવાની નગરમાં રહેતો કાળુ બિજલ રાતડીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા રૂ.૬૩૬૧૭ની કિંમતના મોંઘીદાટ વિદેશી દારૂ બેલેન્ટાઇન, રોયલ રહથંભોર, એપસુલુટ, જોનીવોકર સાથે કાળુ બિજલ અને તેની સાથે રહેલ અજય ખીમજી ભેળા (રહે. પુનીતનગર કર્મચારી સોસયટીની પાછળ સતનામ સોસાયટી મેઇન રોડ) સહિત બે શખ્સોની ધરપકડ કરી દારૂનો જથ્થો કબ્જે કરી વધુ પુછપરછ કરતા સુનીલ ચંદુ ડાંગર નામના શખ્સની શંડોવણી ખુલતા પોલીસે આ શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# પેડક રોડ પર ગુજરાત સોસાયટી અને વેદવાડીમાં બે યુવાને ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું

### ગઢકા ગામે કુવાનું કામ કરતી વેળાએ પથ્થર માથે પડતા શ્રમિકનું સારવારમાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના ચોપડે ગઇકાલે ત્રણ અપમૃત્યુના બનાવો નોંધાયા હતા જેમાં પેડક રોડ પર ગુજરાત સોસાયટી અને વેદવાડીમાં બે યુવાને આપધાત કર્યુ હોવાનું અને ગઢકા ગામે શ્રમિક પર પથ્થર પડતા સારવારમાં મોત થયાનું નોંધાયુ છે.

પ્રથમ બનાવમાં શહેરના સામાકાંઠે પેડક રોડ પર આવેલ ગુજરાત સોસાયટીમાં રહેતો જીતેશ ધનશ્યામભાઇ ઝીંઝુવાડીયા (ઉ.વ.૪૦) નામનો યુવાન ગઇકાલે બપોરે પોતાના ઘરે હતો ત્યારે કોઇ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ લેતા ૧૦૮ને જાણ કરવામાં આવતા ઇએમટી કોમલબેન સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઇ તપાસી મૃતક જાહેર કરી બનાવ અંગેની જાણ બી-ડિવિઝન પોલીસમાં કરવામાં આવતા એએસઆઇ જે.એમ.ઝાલાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં મોવડી મેઇન રોડ પર આવેલ વેદવાડી શેરી નં.૪માં બિસવીન નામનું કારખાનું આવેલું હોય અને ૧૦૮ના ઇએમટી બાબુભાઇને જાણ કરી હતી કે કારખાનામાં કામ કરતો કાશીરામ ગોપ (ઉ.વ.૩૫) નામના શ્રમિકે કોઇ કારણોસર ગળાફાંસો ખાઇ લીધો હોવાની જાણ કરાતા ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી જઇ શ્રમિકને જોઇ તપાસી મૃતક જાહેર કરી માલવીયા નગર પોલીસને જાણ કરતા હેડ કોન્સ. એ.વી.ચાવડાએ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જયારે ત્રીજા બનાવમાં ગઢકા ગામે મક્કાભાઇ ગમારાની વાડીએ કુવાનું કામ ચાલુ હોય ત્યારે કામ કરતો ગોકુળસિંગ કેસરસિંગ (ઉ.વ.૩૫) નામનો યુવાન કામ કરતો હોય ત્યારે તેના માથા પર પથ્થર પડતા ગંભીર ઇજા થતા બેભાન હાલમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું ટુંકી સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું બનાવ અંગેની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા હેડ કોન્સ. ડી.આર.ધોરાડીયાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# યુવક સાથે મૈત્રી કરારથી સાથે રહેતી યુવતીના પરિવારજનોએ સંબંધ તોડી નાખતા યુવતીનો આપધાતનો પ્રયાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા ગામ પાસે આવેલ સાત હનુમાન મંદિરની પાછળ સાગર ઈન્ડટ્રીઝમાં રહેતી પુજા દિપક સાગઠીયા નામની યુવતીએ ઘઉંમાં નાખવાનો પાઉડર પી આપધાતનો પ્રયાસ કરતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવી હતી.

બનાવના પગલે કુવાડવા રોડ પોલીસને જાણ કરાતા હેડ કોન્સ. કલ્પેશભાઇ અવાડીયા સહિતનો સ્ટાફ દોડી જઇ પ્રાથમીક તપાસ કરતા હાલ નવા ગામમાં રહેતો અને મુળ લોધીકાના ખીરસરા ગામનો દિપક સાગઠીયાએ પોલીસને જણાવ્યું હતુ કે, પુજા સાથે તેને મૈત્રી કરાર કરેલા હોય અને તેના પરિવારના સભ્યોએ તેની સાથે સંબંધ ન રાખતા જે બાબતનું લાગી આવતા તેણીએ આ પગલુ ભર્યુ હોવાનું જણાવ્યું હતું.

# માળીયા-હળવદ હાઇ-વે પર એસએમસી ત્રાટકીઃ રૂ.૧૮.૨૫ લાખના બિયર સાથે બુટલેગર ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાધનપુર હાઇ-વે પર અવારને અવાર વિદેશી દારૂ ભુતકાળમાં પકડાયો હોય અને બુટલેગરો માટે દારૂની હેરાફેરી કરવા સ્વર્ગ સમાન ગણાતા આ હાઇવે પર વધુ એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે માળીયા-હળવદ હાઇવે પર દરોડો પાડી ટ્રકમાં રૂ.૧૮.૨૫ લાખના બિયરના જથ્થા સાથે બુટલેગરને દબોચી લઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ એસએમસીના ડીવાયએસપી કે.ટી.કામડીયાની સુચનાથી પીઆઇ પી.પી.બ્રહ્મભટ્ટ સહિતનો સ્ટાફ માળીયા-હળવદ હાઇવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન નવા દેવડીયા પાસેથી એક ટ્રક બટાકાની થેલીઓ રાખીને એક શખ્સ નિકળતા પોલીસે તેનો પીછો કરી ટ્રક અટકાવી તલાસી લેતા બટાકાના થેલાઓની નીચે બિયરના ટીન નંગ ૮૨૯૮ કિંમત રૂ.૧૮.૨૫ લાખ મળી આવતા પોલીસે ટ્રકનો ચાલક મુકેશ ઉનારામ જંગુ (રહે. રાણીવાડા જી.જાલોડ રાજસ્થાન) નામના શખ્સની ધરપકડ કરી બિયરનો જથ્થો મોકલાવનાર ટ્રક માલિક અને બિયરનો જથ્થો મંગાવનાર સહિત પાંચ શખ્સોની શોધખોળ શરૂ કરી. ટ્રક સહિત રૂ.૨૮.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પ્રદ્યુમન નગર પોલીસે ખોવાયેલા ૧૭ મોબાઇલ અરજદારોને અર્પણ આપ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીના તેરા તુજ કો અર્પણ ઝુંબેશ હેઠળ રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ શહેરના નાગરીકો દ્વારા કરવામાં આવેલ મોબાઇલ ગુમની અરજી-ફરીયાદ અન્વવે ટેકનીકલ માધ્યમથી એનાલીસીસ કરી પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ વી.આર.વસાવા, પીએસઆઇ આર.કે.ગોહિલ, કોન્સ. મહેન્દ્રભાઇ તથા અરવિંદભાઇ તથા જેસલબેન તથા વૈશાલીબેન અને રીટાબેન સહિતના સ્ટાફે ગુમ થયેલા રૂ.૨.૬૨ લાખના ૧૭ મોબાઇલ અરજદારોને પરત આપી તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ યોજયો હતો.










# નાનામવા મેઈન રોડ પર હાઈરાઈઝ બિલ્ડિંગમાં પ્રથમવાર મોકડ્રીલઃ આગ, બચાવ અને સુરક્ષાનું જીવંત નિદર્શન!

### ૮મા માળે લાગેલી આગ પર ગણતરીની મિનિટોમાં કાબુઃ હાઈડ્રોલિક પ્લેટફોર્મથી બે ઘાયલનું દિલધડક રેસ્ક્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરીજનોની સુરક્ષા અને જાગૃતિને કેન્દ્રમાં રાખીને, રાજકોટ મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા એક અનોખી અને અત્યંત મહત્વપૂર્ણ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. નાનામવા મેઈન રોડ પર સ્થિત શહેરની સૌથી ઊંચી, ૨૨ માળની સિલ્વર હાઈટ્સ બિલ્ડિંગમાં યોજાયેલી આ મોકડ્રીલે સ્થાનિકોમાં ઉત્સુકતા અને સુરક્ષા પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. ઈમરજન્સીની પરિસ્થિતિમાં કઈ રીતે વર્તવું, તેનો જીવંત પ્રયોગ રજૂ કરાયો હતો.

મોકડ્રીલની શરૂઆત બિલ્ડિંગમાં રહેતી એક મહિલા દ્વારા ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને કરવામાં આવેલા ઈમરજન્સી કોલથી દોડધામ થઈ હતી. કોલ મળતાની ૧૦ મિનિટમાં જ ફાયર બ્રિગેડનો કાફલો ફાયર ફાઈટર, હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહિતના તમામ આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે ધસી ગયો હતો. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેના જણાવ્યા અનુસાર, ફાયર જવાનોએ તાત્કાલિક હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી ૮મા માળ સુધી પહોંચી, ભારે પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં જ ''આગ પર કાબુ મેળવી લીધો હતો. આ મોકડ્રીલ દરમિયાન બે વ્યક્તિઓને ''ઈજા'' પહોંચી હતી,

જેમનું હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી દિલધડક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડના સ્ટાફે આગ સમયે પોતાની જાતને કઈ રીતે બચાવવી તેનું પણ જીવંત નિદર્શન કર્યું હતું.

આ મોકડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ કે અન્ય કોઈ દુર્ઘટના બને ત્યારે કઈ રીતે સામનો કરવો તેની તાલીમ આપવાનો હતો. લોકોને સૌપ્રથમ કઈ રીતે ફાયર બ્રિગેડને ફોન કરવો, પૂરું સરનામું આપવું અને બિલ્ડિંગમાં રહેલા ફાયરના સાધનોનો (જેમ કે ફાયર સિસ્ટમ અને ફાયર એક્સટિંગ્વિશર) કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે વિસ્તૃત જાણકારી અને ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. ડો. ડી. કે. વાડોદરિયા, જે સિલ્વર હાઈટ્સ બિલ્ડિંગના રહેવાસી છે, તેમણે જણાવ્યું કે આ મોકડ્રીલથી સોસાયટીના દરેક વ્યક્તિને ખુબ જ મહત્વપૂર્ણ માહિતી અને પ્રાયોગિક જ્ઞાન મળ્યું છે. કોઈ વખત બિલ્ડિંગમાં આગ લાગે તો શાંત ચિત્તે કઈ રીતે ફાયર ફાઈટરને ફોન કરવો, પ્રોપર એડ્રેસ કઈ રીતે આપવું અને કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો છે તો તેનો રેસ્ક્યુ કઈ રીતે કરવું તે સમગ્ર માહિતી આપવામાં આવી હતી, જે સોસાયટીના લોકોને ભવિષ્યમાં ઘણી ઉપયોગી થશે.

રાજકોટ ફાયર બ્રિગેડ પાસે ૮૧ મીટરનું હાઈડ્રોલિક પ્લેટફોર્મ છે, જે ૨૫ માળ સુધી પહોંચી શકે છે અને લોકોને બચાવવામાં સક્ષમ છે. ૨૨ માળની સિલ્વર હાઈટ્સ બિલ્ડિંગમાં થયેલી આ મોકડ્રીલ અને રેસ્ક્યુ કામગીરીએ ફાયર બ્રિગેડની સજ્જતા અને આધુનિક સાધનોની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. અડધા કલાકમાં 'આગ'' પર કાબુ મેળવાઈ ગયો, જે તેમની કાર્યક્ષમતા દર્શાવે છે. આ પ્રકારની મોકડ્રીલ શહેરીજનોમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધારવામાં અને ઈમરજન્સીની પરિસ્થિતિ-માં યોગ્ય પ્રતિભાવ આપવામાં મદદરૂપ થશે.

# સ્વર્ગથી વહાલી અમને અમારી શાળા'' સૂત્રને સાર્થક કરતી ખીજડીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ

### જિલ્લા પંચાયત રાજકોટ સંચાલિત ખીજડીયા પ્રાથમિક શાળા તા.રાજકોટમાં કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગઈ તા ૨૮ જૂનના રોજ રાજકોટ તાલુકાની સરકારી શાળા જે ''છે સ્વર્ગથી વહાલી અમને અમારી શાળા'' સૂત્રને સાર્થક કરતી ખીજડીયા પ્રાથમિક શાળામાં કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ કાર્યક્રમ યોજવામ આવેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ચાંદની પરમાર પ્રાંત અધિકારી રાજકોટ શહેર ૧, જનકભાઈ સાંડપા સીઆરસી,કો- ઑ, ગોપાલસિંહ રેવર સરપંચ પ્રતિનિધિ, જીગ્નેશભાઈ કુમરખાણીયા ઉપસરપંચ કિર્તનભાઇ શાહ તલાટી મંત્રી, જીતુભાઈ બાવળીયા SMC અધ્યક્ષ, જીગ્નેશભાઈ બાવળીયા SMC ઉપાધ્યક્ષ, થતા SMC સભ્યો, તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનોની હાજરીમાં થયેલ. સમગ્ર કાર્યક્રમની શરૂઆત ભવ્ય સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવેલ ત્યાર-બાદ બાલવાટિકામાં ૨૪ અને આંગણવાડીમાં ૩ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ બાળકોને મહેમાન દ્વાર દફતર, શૈક્ષણિક કીટ અને વૃક્ષ આપી પ્રવેશ આપવામાં આવેલ તેમજ જ્ઞાનસેતુ અને જ્ઞાન સાધના મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર કીટ આપી સન્માનિત કરેલ તેમજ પ્રભુ વાત્સલ બાળકોને દફતર આપવામાં આવેલ. કાર્યક્રમમાં દફતરના દાતા ગ્રામ પંચાયત ખીજડીયા, સ્ટેશનરી કીટ દાતા વિશાલભાઈ,ગોપાલભાઈ અને વિરાજભાઈ મિયાત્રા, મંડપના દાતાશ્રી અશોકભાઈ બાવળીયા મ્યુઝિક સિસ્ટમ દાતા મહિપતભાઇ કુમારખાણીયા દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા શાળાપરિવારના શિક્ષકો અને આચાર્ય રામદેવસિંહ જાડેજા દ્વારા ભવ્ય આયોજન કરી યાદગાર રીતે કાર્યક્રમ ઉજવણી કરવામાં આવી હતી

# સૌરાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં ૯ નવા સબ ડિવિઝન શરૂ કરવાની મંજૂરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં ૯ નવા સબ ડિવિઝન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી અંદાજે અઢી લાખ વીજ ગ્રાહકોને વીજ પુરવઠામાં થતી ખલેલના નિવારણમાં ઝડપ આવશે. સૌરાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૯ નવા સબ ડિવિઝનને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી અંદાજે અઢી લાખ જેટલા વીજ ગ્રાહકોને મોટો ફાયદો થશે, કારણ કે હવે વીજ પુરવઠામાં ખલેલ પહોંચતા ફોલ્ટ શોધવામાં અને રિપેર કરવામાં ૨૦ ટકા જેટલી ઝડપ આવશે. , જે સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લાઓમાં આશરે ૬૧ લાખ ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડે છે, તેની કચેરી હેઠળ હાલ ૪૬ ડિવિઝનમાં ૨૮૧ સબ ડિવિઝન કાર્યરત છે. આગામી પાંચથી છ મહિનામાં આ નવા ૯ સબ ડિવિઝનનું નિર્માણ થશે. નવું સબ ડિવિઝન રાજકોટ રૂરલ સર્કલ-પડધરી ૨. રાજકોટ રૂરલ સર્કલ-પાટણવાવ, સુરેન્દ્રનગર -વણોદ, સુરેન્દ્રનગર- થાન રૂરલ, પોરબંદર - માળજાવાના, જામનગર- વિરપુર, જામનગર-ફલ્લાનો સમાવેશ થાય છે.

# ગોંડલના ઘોઘાવદરની સીમમાં જુગાર રમતા નવ શખ્સો ઝડપાયા

### રોકડ, મોબાઈલ, ૯ બાઈક મળી કુલ ૬.૩૬ લાખનો મુદામાલ કબજે



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં ઘોઘાવદર ગામની સીમ માં આવેલ વાડીનાં મકાન માં એલસીબીએ દરોડો પાડી જુગાર રમી રહેલા નવ શખ્સોને રોકડ રુ.૧,૦૬,૩૦૦ મોબાઈલ નંગ-૧૧ કિંમત રુ.૧,૨૦,૦૦૦ તથા ૯ મોટરસાયકલ કિંમત રુ.૪,૧૦,૦૦૦ મળી કુલ ૦૬,૩૬,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગતો મુજબ એલસીબી શાખા નાં પીઆઈ. વી.વી.ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ પીએસઆઈ. ગોહીલ, એએસઆઈ. ઈન્દ્રસિંહ જાડે જા, જયવિરસિંહ રાણા, બાલકૃષ્ણત્રિવેદી, અનિલભાઈ ગુજરાતી ભગીરથસિંહ જાડેજા, મનોજ બાયલ, મહીપાલસિહ ચુડાસમા, દિલીપસિંહ જાડેજા સહિત પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીનાં આધારે ઘોઘાવદરનાં ખોડાભાઈ ઘોઘાભાઇ સુરાણીની સીમમાં આવેલી વાડીનાં મકાનમાં દરોડો પાડી જુગાર રમી રહેલા વાડી માલિક ખોડાભાઈ ઘોઘાભાઇ સુરાણી, રવિભાઈ હરસુખભાઈ બાવળીયા રહે.ભગવતપરા ગોંડલ, રેગનભાઈ માવજીભાઈ રેવર રહે.ઘોઘાવદર, ઘનશ્યામભાઈ બટુકભાઈ ગમારા રહેવાછરા, દિવ્યેશભાઈ વીરજીભાઈ વિરડીયા રહે.ઘોઘાવદર, હનિફભાઈ મહંમદભાઈ સમા રહે.બંધીયા, હરેશભાઈ લીંબાભાઈ સાવલીયા રહે.ઘોઘાવદર, યોગેશભાઈ સવજીભાઈ સવજીભાઈ ઠુંમર રહે.માંડણકુંડલા તથા જિશભાઈ વિઠ્ઠલભાઈ ઘેલાણી રહે.ઘોઘાવદરને જડપી લઇ કાર્યવાહી કરી હતી.